નિત્યની રાત્રિમાં યાત્રા અને અંધકારનો અવાજ

રાત્રિની ભાવશૂન્ય ભયંકર કિનારા પર ત્રણે જણ જરાક થંભ્યાં, અને જાણે કે એક આખા જગતનું આવી બન્યું હોય તેમ તેઓ નિત્યની નીરવતાની ધારે વાટ જોવા લાગ્યાં. સામે પથરાયેલી છાયામયી પાંખો જેવાં અંધારાં છાયાં હતાં. પાછળ હતી ઝાંખી સંધ્યા, કો મૃતની દૃષ્ટિ જેવી નિષ્પ્રાણ. પારમાં હતી ભૂખી રાત્રિ ને તે સાવિત્રીના આત્મા માટે આસ્પૃહા રાખતી હતી.

તેમ છતાંય જવાલા જેવો જવલંત સાવિત્રીનો આત્મા ઘોર અંધકારના અંતર તરફ મશાલની માફક તકાયો હતો. એક સ્ત્રીએ પહેલી વાર પાતાલગર્તનો સામનો કર્યો. એનો અમર અને અભય આત્મા ક્રૂર કાળા વેરાન સામે ઊભો અને પ્રકાશથી સજ્જ થઈ એણે રંગરાગ વગરની ભયંકર રિક્તતામાં પગલું ભરી પ્રવેશ કર્યો. જાણે સ્વપ્નમાં સરતાં હોય તેમ ત્રણે જણાં આગળ સરવા લાગ્યાં. ભૂત અને વર્તમાન અકાળમાં અંતર્લીન થઈ ગયા ને ભવિષ્ય શૂન્યમાં સમાપ્તિ પામ્યો. તિમિરના પ્રદેશમાં તેઓ ચાલતાં દેખાતાં પણ ક્યાંય આગળ વધતાં લાગતાં ન 'તાં. મહાગુહા સમા પોતાના ગળામાં કાળો અંધકાર સાવિત્રીને ગળી ગયો. ગૂંગળાવી મારતા મીંડામાં મન વિચાર કરી શકતું ન 'તું, શ્વાસ ચાલી શકતો ન 'તો, જીવ કશું સ્મરી કે સંવેદી શકતો ન 'તો. ન 'તો ત્યાં કર્તાનો આનંદ, ન 'તો આરામ કે ન 'તી શાંતિ. ત્યાં હતો જબરજસ્ત ઇનકાર, સત્યનો ને પ્રભુનો, સચેત આત્માનો ને આવિષ્કારક શબ્દનો, મનના સર્જક પ્રહર્ષનો, પ્રેમનો, જ્ઞાનનો ને હૃદયના પ્રમોદનો પારાવાર ઇનકાર. સૌને ત્યાં સનાતન 'ના' હતી. સોનેરી દીપિકાની જેમ સાવિત્રી ત્યાંની છાયાઓમાં અદૃશ્ય થઈ ગઈ.

ન 'તો ત્યાં માર્ગ, ન 'તું ત્યાં લક્ષ્ય. દૃષ્ટિ વિનાની સાવિત્રી ચાલ્યા કરતી હતી. એ કાળમુખ મહાવેરાનમાં એને કોઈનો સાથ ન 'તો. ઘોર યમદેવ પણ દેખાતો ન 'તો, જ્યોતિર્મય સત્યવાન પણ દૃષ્ટિગોચર રહ્યો ન 'તો. આવું હોવા છતાંય એ નાસીપાસ થઈ નહિ, ઊલટાનો એણે પોતાના પ્રેમીને વધારે ગાઢ ભાવથી પકડી રાખ્યો. એને અનુભવ તો હતો કે આવી રીતે જ સત્યવાન વનવીથિઓમાં પહેલાં અલોપ થઈ જતો' તો. પરંતુ અત્યારે તો બન્નેની વચ્ચે કાલાન્ધકારનો મોટો ખાડો આવી પડયો હતો. આથી એ સાવ એકલી પડી ગઈ.

આ પ્રમાણે એ જીવનના મડદા ઉપર પગ માંડતી માંડતી લાંબી લાગતી ઘડીઓ સુધી ચાલી, ને નિર્વાણગત જીવોની અંધતામાં અંતર્લીન થઈ ગઈ. રિક્તતાની યાતનામાં એકલવાયી એ મૃત્યુ હોવા છતાંય જીવી ને જીતતી રહી.

પ્રથમ હવે એ અંધકારમાં એક પ્રભા ઝબકી, ને એ ઝાંખી હોવા છતાંય બુઝાય નહિ એવી હતી. ભૂલી પડેલી ચંદ્રકલા સમાન એ ભમતી હતી ને રાત્રિની સમક્ષ એની ઘોરતા ખુલ્લી કરતી હતી. અંધકાર સર્પાકાર અમળાતો હતો; એની કાળી ફણાઓ ઉપરનો મણિપ્રકાશ પ્રકટ થતો હતો. પ્રકાશ એને પીડક લાગતો 'તો ને તેથી તે એને ગૂંગળાવી મારવા માગતો હતો. પરંતુ પ્રકાશનો પ્રભાવ વિજયી ને વૃદ્ધિંગત થતો રહ્યો.

સાવિત્રી પોતાના લોપાયેલા આત્મા પ્રત્યે પ્રબુદ્ધ થઈ. મૃત્યુનો એણે અસ્વીકાર કર્યો, એના હૃદયે દુ:ખનો પરાભવ કર્યો. અત્યારે ન દેખાતા પોતાના પ્રેમીના આત્મા ઉપર એણે પોતાનો દાવો ચાલુ રાખ્યો. પરિણામે એણે ફરીથી યમનો પદરવ સાંભળ્યો ને સત્યવાન પણ એને પ્રકાશમાન છાયારૂપે દેખાયો. યમરાજે પોતાનો પ્રાણહારી ઘોષ રાત્રિમાં ગજાવ્યો :

"આ મારી નીરવ તમોમયી અનંતતા છે, આ છે નિત્યની નિશાનો નિવાસ, આ છે શૂન્યની નિગૂઢતા; જીવનની કામનાઓની અસારતા એમાં દફનાઈ જાય છે. જોયો આ તેં તારો પ્રભવ. હજીય શું તું હમેશ માટે રહેવા અને પ્રેમ કરવા માગે છે?

સાવિત્રી કંઈ બોલી નહિ. જાણતી રાત્રિના અને વિચારતા મૃત્યુદેવના અવાજનો એના આત્માએ અસ્વીકાર કર્યો. આત્માની નિર્મુક્ત દૃષ્ટિથી જોતાં એણે પોતાના જીવનના અમર ઉત્સો જોયા, પોતાને અનાદિ ને અજન્મા અનંતતા રૂપ પિછાની. પરંતુ યમે એની ઉપર પોતાની દારુણ દૃષ્ટિ સ્થિર કરી ને એ બોલ્યો :

"આ અપ્રજાત શૂન્યમાં ભલે તું હજી સુધી જીવતી રહી હોય, પણ સત્યવાન વિના જ થોડી વાર જીવવા જેટલો વિજય તને મળ્યો છે. જે દેવી તારા હૃદયને હજુ સુધી ધડકતું રાખી રહી છે તે કેવળ તારા દુ:ખદ સ્વપ્ન સમાન અસ્તિત્વને લંબાવી તારી શાશ્વત શાંતિને વિલંબિત બનાવી રહી છે. કાળનું બાળક, મનુષ્ય વિચાર કરતી માટીનો ભંગુર ચમત્કાર છે. જ્યાંથી પોતે આવેલો છે ને જ્યાં જવાનો છે તે શૂન્યાકારને ભરવા માટે એ પોતાની જાતને મોટી બનાવી તેને ઈશ્વરનું નામ આપે છે. પોતાનાથી વધારે અચેત આકાશની પ્રતિ સહાય માટે સાદ કરે છે. જે દેવો અનિમેષ નેત્રે પૃથ્વી ઉપર ચોકી રાખે છે તે દેવોએ માણસની ઉપર મનનો બોજો લાદ્યો છે. માણસ પશુ છે ને દેવો એને ચરાવે છે. એને અપાયેલું જ્ઞાન એળે જાય છે. અનંત ઇચ્છાઓ એને ચાબકારે છે. ભયંકર દેવોને રથે એ બંધાયેલો છે. પણ તું હજીય જો આશા રાખતી હોય ને પ્રેમ કરવા માગતી હોય તો તારા શરીરમાં પાછી જા ને દૈવ સાથેની બાંધછોડથી જે માધુર્યો મળે છે તે માણ. પણ સત્યવાનને પાછો મેળવવાની આશા તો રાખતી જ નહિ. પણ તેં અભૂતપૂર્વ ઓજનો પ્રાદુર્ભાવ

કર્યો છે તેથી તને જેવો તેવો ઉપહાર ઘટતો નથી. તો તારા ઘવાયેલા જીવનને સમુચિત સાંત્વના મળે તે માટે તને મનપસંદ વરદાનો આપી શકું છું. એક રૂડી જિંદગીની આશાઓની પૂર્ત્તિ થાય એવું પસંદ કરી માગી લે."

ઘોર અવાજ અટક્યો. સાવિત્રીના અગાધ હૃદયસાગરે મૌન-જન્મ્યા ચંદ્રિકા-ધવલ વિચારો પ્રકટ થયા, ને એ બોલી : "હું તને નમતી નથી, મૃત્યુના મહાઘોર મોરા ! તું છે કાળું જૂઠાણું, અમર આત્મા ઉપર અજમાવાયેલી તું ભયંકર મજાક છે. મને મારી અમરતાનું ભાન છે, મારા આત્માની વિજયશીલ શક્તિનો મને પરિચય છે. યાચના કરવા હું તારી આગળ આવી નથી. રાત્રિની પકડમાં હું અણુ-હણાયેલી રહી છું. મારા આરંભના શોકે મારા સ્થિતપ્રજ્ઞ મનની સ્થિરતા હરી નથી, મારાં અણપાડેલાં અશ્રુ મહૌજનાં મૌક્તિકો બની ગયાં છે. દીપ્તિમંત દેવોના દ્વન્દ્વ-યુદ્ધમાં હવે મારો આત્મા બલિષ્ઠ બની તારા લોકના ઇનકારો સામે હઠે ચઢીને લડશે. દુર્બળોને દયાથી અપાતી ભૂંડી ભીખના ધૂળમાં પડેલા કણો વીણી લેવા માટે પામરોની માફક હું ઝૂકવાની નથી. મારો પરિશ્રમ યુદ્ધે ચડેલા દેવોનો પરિશ્રમ છે : જડતત્ત્વ ઉપર મનનો મહાનિયમ મૂકીને અચિત્ શક્તિ પાસેથી તેઓ આત્માની અભીપ્સિત વસ્તુ મેળવે છે.

મારી પ્રથમ માગણી આ છે : મારા પતિ સત્યવાને પોતાના કૌમાર્યના સમયથી જેનાં જેનાં સ્વપ્નાં સેવ્યાં હોય તે સઘળું આપ—આપવું જ પડે તો આપ ને તાકાત હોય તો ના પાડ."

યમે હકારમાં ઘૃણાપૂર્વક માથું નમાવ્યું ને કહ્યું : "મારે સ્પર્શે પડી ભાગનારાં સ્વપ્નાં પ્રત્યે અનુગ્રહને ભાવે સત્યવાનના અંધ પિતાને આંખો આપું છું. જા એને એનું ગુમાવેલું રાજ્ય પાછું મળશે, એની રાજસત્તા, મિત્રો અને મહિમા એનાં બનશે, એનો રાજવૈભવ એની સેવામાં હાજર થશે. હવે તું સત્વર પાછી ફર, નહિ તો મારા નિષ્ઠુર નિયમોની દૃષ્ટિ ઊઘડીને તારી ઉપર પડશે."

પણ સાવિત્રીએ ઉપેક્ષક છાયામૂર્ત્તિને ઉત્તરમાં કહ્યું :

"હે વિશ્વાત્મક દેવ ! હું તારી આત્મસમોવડ જન્મી છું.મારી મર્ત્યતામાંય હું અમર્ત્ય છું. તારા નિયમોની પાષાણી મીટથી હું ધ્રૂજતી નથી. પોતાના જીવંત અગ્નિથી મારો આત્મા એમને ભેટશે. તારી તામિસ્ર છાયાઓમાંથી પુષ્પિત પૃથ્વી માટે તું મને મારા સત્યવાનને પાછો આપ. માનવ અંગોની મધુર ભંગુરતામાં એનો સાથ મેળવી હું મારા આત્માનો ઉજ્જ્વલ સંકલ્પ સિદ્ધ કરીશ, પુરાણી પૃથ્વી-માતાનો ભાર એની સાથે સાથે વહીશ. પ્રભુ પાસે લઈ જતા જગતના માર્ગોએ એને અનુસરીશ, અથવા તો જો મારે માટે સનાતનનાં આકાશો ઊઘડશે અને અમારી આસપાસ અલૌકિક ક્ષિતિજો આઘે ઓસરતી જશે તો ત્યારેય અનંત અજ્ઞાતમાં અમે યાત્રામાં સાથે ને સાથે જ રહીશું. એની જોડે મેં કાળની અનેક યાત્રાઓ કરેલી છે અને આજેય એને પગલે પગલે જઈ હું ગમે તેવી ઘોર રાત્રિને ભેટીશ,

અથવા તો જ્યાં પગલાં પડયાં નથી તે પર-પારમાં અમારા આત્માઓ ઉપર કલ્પનાતીત અલૌકિક અદ્‌ભુત ઉષાઓનો ઉદય થતો અમે અવલોકીશું. સત્યવાનને તું જ્યાં લઈ જાય છે ત્યાં હું પણ એને અનુસરતી આવીશ."

પોતાના અફર નિયમને સાગ્રહ આગળ કરતાં યમનો ઘોર ઉદ્‌ઘોષ સંભળાયો :

"ઓ ક્ષણજીવી જીવ ! શું તને દેવતાઈ પાંખો આવી છે કે મારા તારકો ઉપર પગલાં પાડતા પગ મળ્યા છે? તારી મર્ત્ય મર્યાદાઓ ને તારો ભજવવાનો ભાગ તું ભૂલી ગઈ લાગે છે. મેં મૃત્યુએ સર્વ કાંઈ બનાવ્યું છે ને સર્વનો હું સંહાર પણ કરું છું. તારી પામર પ્રામિઓને લઈને વહેલી વહેલી અહીંથી નાસી છૂટ. મારી આપેલી યાતનાઓને કાળ નહિ શમાવી શકે. લે, હું મારો ગ્રાહ લઈ લઉં છું, નાસી છૂટ."

પણ તિરસ્કાર સામે તિરસ્કાર બતાવી સાવિત્રી બોલી: રાત્રિએ કલ્પેલો દેવ કોણ છે? એવો તે એ કેવો દેવ છે કે જે પોતે રચેલી પોતાની સૃષ્ટિનો પોતે જ તિરસ્કાર કરે છે? એવો કોઈ દેવ હોય તો તેને મારા મનોમંદિરમાં સ્થાન નથી, મારા હૃદયના પાવન ધામનો એ પ્રભુ નથી. મારો પ્રભુ તો છે સત્ય સંકલ્પ ને એ એના માર્ગોએ જય મેળવતો જ રહે છે; મધુરતાપૂર્વક સઘળું સહી લેતો પ્રેમ મારો પ્રભુ છે, એ અદ્‌ભુતસ્વરૂપ મારો આત્મસારથિ છે. અક્ષત રહી એ અસિ-ધારાઓ ઉપર ચાલે છે, પાતાળોમાં પ્રવેશે છે ને ત્યાંય એ પોતાનું દિવ્ય કાર્ય જ કરતો હોય છે. એ છે શિખરોનો આરોહણહાર, ખુલ્લે પગે ભુવનોની કઠોરતા પર એ પ્રેમથી પગલાં માંડે છે. ઓ હે મૃત્યુ! એ તારા વિશ્વને ઘડીને એને નવું રૂપ આપશે."

થોડીક વાર તો કશો ઉત્તર ન આવ્યો. માર્ગ વગરની રાત્રિમાં તેઓ ચાલતાં રહ્યાં. પાંડુર નેત્ર જેવો પેલો પ્રકાશ હજુય હતો. પછી અંધ શૂન્યમાં થઈને થતી એ અસત્ યાત્રામાં એક ભયંકર વિરામ આવ્યો. મૃત્યુએ માનવ જીવને જવાબ આપ્યો :

"તું શાની આશા કરે છે? શું મેળવવા માગે છે? આ તારા દેહનું મીઠામાં મીઠું પ્રલોભન છે, ક્ષીણ થતી ઇન્દ્રિયોને થોડાંક વર્ષો સુધી બહેકાવવાનો માર્ગ છે. શરીરસુખની લાલસા અને હૃદયનો દીપ્ત ભાવ જે આલિંગન ઇચ્છે છે તે અસાર છે ને એનો અચિર અંત આવી જાય છે. આગિયાના અંધકારમાં થતા નૃત્ય જેવું તારું અસ્તિત્વ છે. એ છે સૂર્યપ્રકાશમાં રહેલા જીવનના કીચડમાં આવેલો આથો. તું અને સત્યવાન સદાસ્થાયી રહેવાનાં છો એવો શું તું અમરતાનો દાવો કરે છે? યાદ રાખ કે એક મૃત્યુ જ સ્થાયી છે, અચિત્ શૂન્ય માત્ર શાશ્વત છે. એક હું નિરાકાર ઘોર વિરાટ છું. હું આકાશ છું, સર્વને લઈ જતી અકાળ અકિંચનતા છું. હું અસીમ ને એકાકી છું. હું જ ઈશ્વર છું, બીજો એકે ઈશ્વર નથી. બધા જ મારી ગહનતામાંથી જન્મે છે, મારા વડે જીવે છે ને મારામાં પ્રવેશી હતા ન હતા બની જાય છે. સર્જતી ને સંહારતી પ્રકૃતિ મારી શકિત છે. મનુષ્યને મેં મારી મિજબાની બનાવ્યો છે, એનું જીવન મારો ખોરાક છે. મૃત્યુ વિના માણસ માટે બીજો એકે આરો નથી.

હું મૃત્યુ જ તારા આત્માનો એકમાત્ર આશ્રય છું. મદદ માટે મનુષ્ય જે દેવોની પ્રાર્થના કરે છે તેઓ મારી કલ્પનાઓ છે, ભાવો છે ને માયા દ્વારા એમનાં પ્રતિબિંબ માણસમાં પડે છે. તારો આત્મા મારી અનંતતાની છાયામૂર્ત્તિ છે, શાશ્વતતાનાં સ્વપ્ન સેવતો કાળ છે. જેનામાં સર્વની ગતિ ચાલી રહી છે તે અચલ ને જેનામાં સર્વ સમાપ્ત થઈ જાય છે તે શૂન્ય હું છું, તેં મને મલ્લયુદ્ધનું આહ્વાન આપ્યું તેથી હું સરૂપ બન્યો છું. બાકી મારે નથી શરીર, નથી જીવ, નથી આંખ કે કાન. એ એક જ છે, એક જ સનાતન છે, નથી સત્યવાન કે નથી સાવિત્રી. ત્યાં કદી પ્રેમ આવ્યો નથી. ત્યાં કાળ નથી, આકાશ નથી. એ જીવંત મુખ ધારતો નથી. એનું એકે નામ નથી. એ અદ્વિતીય છે. એ પોતે જ છે એકાકી અમર આનંદ. જો તું અમરતા વાંછતી હોય તો સ્વયંપર્યાપ્ત બની જા, તારા આત્મામાં જ જીવ. જેની ઉપર તારો પ્રેમ છે તેને ભૂલી જા. મારા દ્વારા આવેલું અંતિમ અવસાન તને જીવનમાંથી ઉગારી લેશે. ત્યાર પછી તું આરોહીને તારા અનામી આદિમૂળમાં જશે."

પણ સાવિત્રીએ એ અઘોર સ્વરને ઉત્તર આપ્યો : "ઓ યમ ! તું તર્કયુક્તિ લડાવે છે, હું તેવું કરતી નથી. બુદ્ધિ માપે છે, તોડે છે, યા તો વ્યર્થ રચે છે. એને પોતાના કાર્યમાં વિશ્વાસ નથી. પણ હું પ્રેમ છું, હું જોઉં છું, હું પ્રવર્તું છું, હું સંકલ્પ કરું છું."

મૃત્યુદેવે એક ઘેરા ને ઘેરતા અવાજે ઉત્તર આપ્યો : "જ્ઞાન પણ મેળવ. જ્ઞાન થતાં તું તે સર્વમાંથી વિરમી જશે. સદારામમાં રહેશે, નિસ્પંદ બની જશે, વસ્તુઓની ભંગુરતાને કબૂલ કરશે."

પણ માનવ જાત વતી સાવિત્રીએ એમને ઉત્તર આપ્યો :

"હું જ્યારે હરહંમેશ પ્રેમ રાખતી હોઈશ ત્યારે મને જ્ઞાન થશે. પરિવર્તનો જેને અંધાર-પિછોડામાં રાખે છે તે સત્યને મારી અંદરનો પ્રેમ જાણે છે. હું જાણું છું કે જ્ઞાન એટલે એક વિશ્વવ્યાપી આશ્લેષ. હું જાણું છું કે એકે એક જીવ તે હું છું. અનંતરૂપધારી એક જ પ્રભુ હૃદયે હૃદયે રહેલો છે. હું જાણું છું કે પ્રશાંત પરાત્પર પરમાત્મા જ સારા સંસારનો આધાર છે; અવગુંઠનમાં રહેલો એ અંતર્નિવાસી છે, ચૂપચાપ રહેલો પ્રભુ છે, એનું ગુપ્ત કાર્ય હું લહું છું, એના અંતરંગ અગ્નિનો મને અનુભવ થાય છે. સચરાચરના સ્વરનો એનો મર્મરાટ મન સંભળાય છે. હું જાણું છું કે હું છું પરમેશ્વરમાંથી આવેલી એક લહરી. મારા જન્મમાં એના સઘળા સૂર્યો સચેત હતા અને આપણામાં જે પ્રેમમય છે તે મૃત્યુનું અવગુંઠન ધારીને આવ્યો હતો. ઘોર તારામંડળ મધ્યે પછી માણસ જન્મ્યો ને તને જીતી લેવા માટે મન અને હૃદયથી એ સજ્જ થઈને આવેલો છે."

પોતાના બખ્તરિયા બળથી સજ્જ અને પોતાના સામ્રાજ્ય ઉપરની ખાતરી-વાળો યમ કશું બોલ્યો નહિ. પોતાની છૂપી તરવારથી સજ્જ નીરવ અંધકારમાં લપેટાયેલો એ સ્થિર ઊભો. વાદળાંમાં અર્ધદૃષ્ટ એક તામિસ્ર મુખ દેખાયું. રાત્રિનો

સાંધ્ય સંભાર એને માથે જટાજૂટ હતો. ચિતાભસ્મનું ત્રિપુંડ્ર એને ભાલે અંકિત હતું.

સાવિત્રીએ ફરી પાછું અંતહીન રાત્રિમાં પર્યટન આરંભ્યું. એની આસપાસ અંધારાનું વેરાન ગોટેગોટ વ્યાપેલું હતું. ગળી જતી રિકતતા અને નિરાનંદ મૃત્યુ સાવિત્રીના વિચારનો, જીવનનો અને પ્રેમનો વિદ્વેષ કર્યે જતાં હતાં. આછી થતી દીર્ઘ રાત્રિમાં થઈ બળાત્કારે પ્રેરાતાં ત્રણે જણ ભૂતછાયા જેવાં આગળ ચાલ્યાં.

નવમું પર્વ સમાપ્ત